## માઈક્રોન્યૂટ્રિયન્ટ રીસર્ચ સેન્ટર (આઈસીએઆર), આ.કૃ.યુ., આણંદ દ્વારા ટ્રાયબલ સબ-પ્લાન યોજના અંતર્ગત ખેડૂત શિબિર તથા કીટ વિતરણનું આયોજન

---

માઈક્રોન્યૂટ્રિયન્ટ રીસર્ચ સેન્ટર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા તા.૨૯.૦૩.૨૨ના રોજ ગામ-મોટી સધલી, તાલુકો અને જીલ્લો છોટા ઉદેપુર ખાતે ટ્રાયબલ સબ-પ્લાન યોજનામાં પ્રથમ હરોળ નિદર્શન અંતર્ગત ટ્રાયબલ વિસ્તારના ખેડૂતો માટે "ગૌણ તથા સૂક્ષ્મતત્વોની ખેતીમાં અગત્યતા" વિષય પર "ખેડૂત શિબિર"નું આયોજન માન. કુલપતિશ્રી, આકૃયુ, આણંદ ડૉ. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેનો ઉદ્દેશ સારી ગુણવત્તાવાળુ પાક ઉત્પાદન પ્રાપ્ત કરવા ખેતીમાં સૂક્ષ્મ અને ગૌણ પોષકતત્વોનો ઉપયોગ કરવા માટે ખેડૂતોમાં જાગૃતિ લાવવા તેમજ ખેતી વિષયક કીટનું વિતરણ કરવાનો હતો.

સદર ખેડૂત શિબિરમાં માઈક્રોન્યૂટ્રિયન્ટ રીસર્ચ સેન્ટરના સહસંશોધન વૈજ્ઞાનિક તથા વડાશ્રી, ડૉ. કે. સી. પટેલ દ્વારા ખેડૂતોને સૂક્ષ્મ તેમજ ગૌણ પોષકતત્વોના મહત્વ અને ગુણવત્તાયુક્ત ઉત્પાદનની સાથે સારી ઉપજ મેળવવા માટે પાકની સુધારેલી જાતો અને સૂક્ષ્મ અને ગૌણ પોષકતત્વોનો ઉપયોગ કરવા માટે સમજાવવામાં આવ્યા હતા. તદ્ઉપરાંત, તેઓએ જમીનમાં માઈક્રોન્યૂટ્રિયન્ટની વધતી જતી ઊણપ અને ખાતરના યોગ્ય અને સંતુલિત વ્યવસ્થાપન વિશે પણ માહિતી આપી હતી. આ પ્રસંગે ડૉ. દિલીપ કુમાર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, માઈક્રોન્યૂટ્રિયન્ટ રીસર્ચ સેન્ટર દ્વારા ખેડૂતોને કીટમાં સામેલ માઈક્રોન્યૂટ્રિયન્ટ પુસ્તક અને પોકેટ ડાયરીમાં આપેલ ગૌણ તથા સૂક્ષ્મતત્વોની માહિતીનો ખેતીમાં ઉપયોગ અર્થે જરૂરી માર્ગદર્શન પુરુ પાડ્યુ હતું. સદર કાર્યક્રમમાં શ્રી, રવિ પટેલ, રિસર્ચ એસોસિએટ દ્વારા કીટમાં આપવામાં આવેલ ખેતી વિષયક વિવિધ વસ્તુઓ જેમ કે બેટરી તથા હાથ સંચાલિત પંપ, એન.પી. કે. બાયોકન્સોર્ટિયમ જૈવિક પ્રવાહી, સરકાર માન્ય મલ્ટી- માઈક્રોન્યૂટ્રિયન્ટ મિક્ષર ગ્રેડ-૫ ખાતર, સલ્ફરયુક્ત ખાતર તથા જંતુનાશકના ઉપયોગ સબંધિત જાણકારી પુરી પાડવામાં આવેલ. આ શિબિરમાં ૫૦ ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# કાર્યક્રમની ઝાંખીઓ




ખેડૂત શિબિર
ગૌણ તથા સૂક્ષ્મ તત્વોની ખેતીમાં અગત્યતા








ખેડૂત શિબિર
ગૌણ તથા સૂક્ષ્મ તત્વોની ખેતીમાં અગત્યતા